eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 267
April 15, 2011

## માહે માર્ચ ૨૦૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે માર્ચ ૨૦૧૧ દરમ્યાન ૩૭૦૩ ઈન્ડોર તથા ૪૨૦૧૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૪૧૬ તથા ૬૦૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ગુજરાત સરકારશ્રી ધ્વારા અર્બન મેનેજમેન્ટ કન્સ્લટન્ટના સહયોગથી સુરત મહાનગરપાલિકાના નવનિર્વાચિત સદસ્યશ્રીઓ માટે તા. ૮–૯ એપ્રિલ, ૨૦૧૧ના રોજ બે દિવસ પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન (પ્રથમ દિવસ)

ગુજરાત સરકારશ્રી ધ્વારા સુરત મહાનગરપાલિકાના નવનિર્વાચિત સદસ્યશ્રીઓ પોતાની ફરજો, જવાબદારી અને સત્તાથી વાકેફ થઈ શહેરી વિકાસના કામોમાં સમયની સાથે તાલ મિલાવીને પ્રજાની અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે વહીવટી પાંખ સાથે સંકલન, સંતુલન તથા સહકાર સાધી, પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપી શકે તે માટે તા. ૮–૯ એપ્રિલ, ૨૦૧૧ના રોજ બે દિવસ પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન સીટી લાઈટ રોડ ખાતે આવેલ સાયન્સ સેન્ટર,ઓડીટોરીયમમાં કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત સરકારશ્રી ધ્વારા અર્બન મેનેજમેન્ટ કન્સ્લટન્ટના સહયોગથી સુરત મહાનગરપાલિકાના નવનિર્વાચિત સદસ્યશ્રીઓ માટે તા.૮–૯ એપ્રિલ, ૨૦૧૧ના રોજ બે દિવસ પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન (બીજો દિવસ)



ગુજરાત સરકારશ્રી ધ્વારા અર્બન મેનેજમેન્ટ કન્સ્લટન્ટના સહયોગથી સુરત મહાનગરપાલિકાના નવનિર્વાચિત સદસ્યશ્રીઓ માટે તા. ૮–૯ એપ્રિલ, ૨૦૧૧ના રોજ બે દિવસ પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન ઓડિટોરીયમ, સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## યુસીડી વિભાગ ધ્વારા અર્બન સ્લમ કમ્પેઈનનું આયોજન

રાજય સરકાર ધ્વારા ગરીબોના ઉત્થાન માટે અમલીકૃત વિવિધ યોજનાઓનો લાભાર્થી સુધી મહત્તમ લાભ પહોંચી શકે તે હેતુથી આગામી શહેરી ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન શહેરી ગરીબ પાત્ર લાભાર્થીઓને જે તે યોજનાઓનો લાભ મળી શકે તે માટે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર, સુરત ખાતે આગામી વેકેશનમાં મે–૨૦૧૧ દરમ્યાન પ્રથમ સમર કેમ્પનું આયોજન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર, સુરત ખાતે આગામી વેકેશનમાં મે–૨૦૧૧ દરમ્યાન પ્રથમ સમર કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ સમર કેમ્પમાં ૨(બે) વયગૃપનો સમાવેશ કરવામાં આવશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે માર્ચ ૨૦૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે માર્ચ ૨૦૧૧ દરમ્યાન ૩૭૦૩ ઈન્ડોર તથા ૪૨૦૧૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૪૧૬ તથા ૬૦૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૬૯૭ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૯૯૮ અને જુના ૮૫૭ દર્દીઓ સહીત કુલ ૧૮૫૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૭૬૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૬૦૨ તથા આંખ વિભાગમાં ૨૮૯૩ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૨૧૭૯ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## ગુજરાત સરકારશ્રી ધ્વારા અર્બન મેનેજમેન્ટ કન્સ્લટન્ટના સહયોગથી સુરત મહાનગરપાલિકાના નવનિર્વાચિત સદસ્યશ્રીઓ માટે તા. ૮–૯ એપ્રિલ, ૨૦૧૧ના રોજ બે દિવસ પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન (પ્રથમ દિવસ)



ગુજરાત સરકારશ્રી ધ્વારા સુરત મહાનગરપાલિકાના નવનિર્વાચિત સદસ્યશ્રીઓ પોતાની ફરજો, જવાબદારી અને સત્તાથી વાકેફ થઈ શહેરી વિકાસના કામોમાં સમયની સાથે તાલ મિલાવીને પ્રજાની અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે વહીવટી પાંખ સાથે સંકલન, સંતુલન તથા સહકાર સાધી, પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપી શકે તે માટે તા. ૮–૯ એપ્રિલ, ૨૦૧૧ના રોજ બે દિવસ પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન સીટી લાઈટ રોડ ખાતે આવેલ સાયન્સ સેન્ટર,ઓડીટોરીયમમાં કરવામાં આવેલ છે. તા. ૮/૪/૨૦૧૧ના રોજ સવારે ૯.૪૦ કલાકે પ્રશિક્ષણ કાર્યક્રમનું ઉદઘાટન મા.મંત્રીશ્રી મંગુભાઈ પટેલ (વન અને પર્યાવરણ, આદિજાતિ કલ્યાણ વિભાગ), ગુજરાત રાજયના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રશિક્ષણ કાર્યક્રમનાં ઉદ્ઘાટક મા.મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેમના પ્રવચનમાં જણાવ્યું કે જીવનમાં શિક્ષણનું અનેરૂ યોગદાન છે. જીવનની તમામ ઉમંરે નવું શીખી શકાય છે. વહીવટ અને નિષ્ઠાપૂર્વક જવાબદારીઓ નિભાવી શકાય તેના માટે આવી શિબિરો યોજવી આવશ્યક છે. અમે બધું જ જાણીએ છીએ તેવો ભાવ મનમાં જાગે તો આપણો ગ્રાફ ઝીરો થશે. શિક્ષણ સતત કેળવણી લેવાનો વિષય છે. આપણે પ્રજાની સેવા માટે ચુંટાયેલા છે તેવો ભાવ જાગવો જોઈએ. દરેક સભ્યો પોતાની ફરજ સમજી પોતાના વિસ્તારમાં શું કામ કરવાનું છે તે નકકી કરવું જોઈએ. નગરપાલિકાનો અર્થ ન–નળ, ગ–ગટર, ર–રસ્તા, પા–પાણી, લિ–લાઈટ, કા–કચરો થાય છે. આ તમામ પાયાની સુવિધાઓની સ્લમ વિસ્તારમાં જરૂરિયાત છે. આ પુસ્તિકનો જરૂરથી અભ્યાસ કરશો. આચરણમાં મુકવાની વાત કરી હતી. શિબિરમાં ભાગ લઈ આચરણ કરો તો ઉપયોગી થશે. જયારે આંતરિક સંતોષ થશે ત્યારે જ ખરું કામ થયેલું ગણાશે. નાના માણસોની સેવા કરવાનો ભાવ ઉત્પન્ન થશે તો ખરેખરી શિબિરની સાર્થકતા થશે. બે દિવસીય વિષયોપર ધ્યાન કેન્દ્રીત કરી અને જે સાહિત્ય આપવામાં આવ્યું છે તેને વાંચી,સમજી અને આચરણમાં મુકવાની જરૂર છે.

મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે મ્યુ.સદસ્યશ્રીઓ જીવનના વિવિધ ક્ષેત્રોમાંથી આવે છે. મ્યુ.સદસ્યશ્રીઓ તરીકે ભૂમિકા માટે તે તેમની ફરજોની જાણકારી મેળવવી અનિવાર્ય છે. જેના ભાગરૂપે યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સ્વાગત કરું છું. મનપાની ફરજિયાત/મરજિયાત સેવાઓની માહિતી મ્યુ.સદસ્યશ્રીઓને ઉપયોગી નીવડશે.

**Continue …**



અર્બન મેનેજમેન્ટ કન્સલટન્ટના ચેરમેન શ્રી પી.યુ.અસનાનીએ તેમના ઉદ્દ્બોધનમાં જણાવ્યું કે ગુજરાત સરકારે વસતિના આંકડા જાહેર કર્યા છે જે જોતાં સુરત શહેર મેગા સીટી બની રહયું છે જે આ શહેરની આગવી ઓળખ છે. સને ૧૯૯૪ પછીનું સુરત અને આજનું સુરત શહેર બંને અલગ છે. શહેરને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સન્માન મળ્યું છે જે દુનિયાના દેશો સુરત શહેરમાંથી બોધપાઠ મેળવે. સુરત મહાનગરપાલિકાનું સમયાંતરે વિસ્તરણ થતું રહયું છે. ગુજરાત રાજયની વહીવટી પ્રણાલી બિલકુલ અલગ છે. બી.પી.એમ.સી.એકટની માહિતી આપણી પાસે હોવી જોઈએ. સત્તામાં ફરજો બાબતની જાણકારી જરૂરી છે. જેના શિરે જવાબદારી સોંપાય તેને દાયિત્વ નિભાવવા જરૂરી પ્રશિક્ષણ આપવું જોઈએ. તેમનામાં જરૂરી કાબેલીયત કેળવાવવી જોઈએ.

ત્યારબાદ મા.સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તેમના પ્રવચનમાં જણાવ્યું કે સને ૨૦૦૧માં રાજય સરકારના માર્ગદર્શન હેઠળ આવા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મને બધું જ આવડે છે એવું માનશો તો આપણી પ્રગતિમાં રૂકાવટ આવશે. શિક્ષક પણ આજીવન વિદ્યાર્થી છે. આપણા શહેરના અલગ પડકારો છે. તે આપણે સર કરવાના છે. આ પ્રશિક્ષણમાં યોગ્ય માર્ગદર્શન મળે તે માટે રાજય સરકારના સહકારથી પ્રજાની આકાંક્ષાઓ સમજી શકાય છે. સસ્ટેનેબલ સીટી તરીકે આપણે આગળ વધવાનું છે. સુરત શહેર ડાયમંડ સીટી, ગ્રીન સીટી તરફ જઈ રહયું છે.

ત્યારબાદ પ્રથમ સત્રમાં સ્કુલ ઓફ પ્લાનીંગ સ્ટેટ યુનીવર્સીટીના ડીનશ્રી ઉત્પલ શર્માએ શહેરીકરણની પ્રક્રિયાના પ્રકારો અને વિકાસની તકો પર પ્રેઝન્ટેશન ધ્વારા વિવિધ શહેરોની રચના બાબતે જાણકારી આપી હતી.મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ તેમને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

બીજા સત્રમાં ઈપીસીના મેનેજીંગ ડીરેકટર ડો.બિમલ પટેલે શહેરના સર્વગ્રાહી વિકાસ માટે ટાઉન પ્લાનીંગની આવશ્યતા બાબતે સમજ આપી હતી. મા.ડે.મેયરશ્રીમતિ છાયાબેન ભુવાએ તેમને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

સુરત મહાનગરપાલિકાના સેક્રેટરી શ્રી હિરાભાઈ પટેલે મ્યુ.કોર્પોરેશન, સ્થાયી સમિતિ અને ખાસ સમિતિઓનું બંધારણ, સત્તાઓ અને કાર્યક્ષેત્ર તથા સભાસંચાલનની કાર્યપધ્ધતિ પર સમજણ આપી હતી. મા.સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તેમને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

અમદાવાદ મ્યુ.કોર્પોરેશનના ભૂતપૂર્વ ડે.મ્યુ.કમિશ્નરશ્રી ડી.બી.મકવાણાએ મ્યુ.કોર્પોરેશનની નાણાંકીય વ્યવસ્થા, આવકના સાધનોઘ વાર્ષિક અંદાજપત્રાની પ્રક્રિયા ઉપર પ્રવચન તેમજ સમજણ આપવામાં આવી. મા.સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તેમને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

અંતમાં મુકેશભાઈ દલાલે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં મા.ડે.મેયરશ્રી છાયાબેન ભુવા, મા.શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, મા.વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ રાયકા તથા મ્યુ.સદસ્યશ્રીઓ વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## ગુજરાત સરકારશ્રી ધ્વારા અર્બન મેનેજમેન્ટ કન્સ્લટન્ટના સહયોગથી સુરત મહાનગરપાલિકાના નવનિર્વાચિત સદસ્યશ્રીઓ માટે તા.૮–૯ એપ્રિલ, ૨૦૧૧ના રોજ બે દિવસ પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન (બીજો દિવસ)



ગુજરાત સરકારશ્રી ધ્વારા અર્બન મેનેજમેન્ટ કન્સ્લટન્ટના સહયોગથી સુરત મહાનગરપાલિકાના નવનિર્વાચિત સદસ્યશ્રીઓ માટે તા. ૮–૯ એપ્રિલ, ૨૦૧૧ના રોજ બે દિવસ પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન ઓડિટોરીયમ, સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે, આ કાર્યક્રમનુ શુભારંભ તા. ૮–૪–૨૦૧૧ ના રોજ સવારે ૯.૪૦ કલાકે માન. મંત્રીશ્રી મંગુભાઈ પટેલ (વન અને પર્યાવરણ, આદિજાતિ કલ્યાણ વિભાગ) ગુજરાત રાજયના વરદ હસ્તે દીપ પ્રગટાવી પ્રશિક્ષણ કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ દિવસે શહેરીકરણની પ્રક્રિયાના પડકારો અને વિકાસની તકો,૭૪મો બંધારણીય સુધારો, મહાનગરની ફરજિયાત અને મરજીયાત સેવાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, સ્ટેન્ડીંગ કમિટી અને કમિશનરશ્રીની સત્તાઓ અને ફરજો, શહેરના સર્વાંગી વિકાસ માટે ટાઉન પ્લાનીગની આવશ્યકતા, મ્યુનિસિપલ કોર્પોરેશન સ્થાયી સમિતિ અને ખાસ સમિતિનુ બંધારણ, સત્તાઓ અને કાર્યક્ષેત્રે તથા સભા સંચાલનની કાર્યપધ્ધતિઓ,મ્યુનિસિપલ કોર્પોરેશનની નાણાંકીય વ્યવસ્થા, આવકના સાધનો, વાર્ષિક અંદાજપત્રની પ્રક્રિયા ઉપર વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

પ્રશિક્ષણ કાર્યક્રમના બીજા દિવસે તા.૯.૪.૨૦૧૧ના રોજ સવારના ૯.૩૦ કલાકે તૃતીય સત્રમાં ભુતપૂર્વ ડેપ્યુટી મ્યુનિ.કમિશનરશ્રી પ્રવિણભાઈ નાયકે ઘરઆંગણાની સેવાઓ પુરી પાડવા વહીવટનું ઝોન અને વોર્ડ કક્ષાએ વિકેન્દ્રિકરણ, વોર્ડ કમિટીના કાર્યો અને ફરજો અંગે વિસ્તૃત ચર્ચા દરમ્યાન સને ૧૯૮૩ થી ૮૮ સુધીમાં મ્યુનિ.બંધારણીય સુધારાઓ, વિકાસની પ્રક્રિયામાં સત્તા અને ફરજોનું વિકેન્દ્રીકરણની જરૂરીયાત બાબતે તથા કાઉન્સીલરશ્રીઓને લોકહિતની ભાવનાથી શહેરના વિકાસના કાર્ય કરવા અંગેની વિસ્તૃત સમજ આપી હતી.

ત્યારબાદ તાલીમ સંસ્થાના ચેરમેનશ્રી પી.યુ.અસનાનીએ સુશાસનમાં કાઉન્સીલરશ્રીઓની ભૂમિકાના સંદર્ભમાં વોર્ડ કમિટીનુ મહત્વ, સત્તાઓ, તેમજ શહેરના વોર્ડની જરૂરીયાતો અને નાગરિક સેવાઓ ધ્યાને લઈ કોર્પોરેશનના બજેટ પ્રમાણે વોર્ડ વાઈઝ બજેટનું આયોજન જેવી બાબતો ઉપર સમજણ આપી હતી. ત્યારબાદ એશીયન ડેવલપમેન્ટ બેંકના પી.પી.પી. એકસપર્ટ શ્રી ભુપિન્દરસિંહ બેદી એ માળખાકીય સુવિધાઓ પુરી પાડવામાં લોકભાગીદારી ધ્વારા થતા કાર્યોમાં રોજગારી પુરી પાડવાની વિપુલ તકો ભારતમાં રહેલી છે જેથી સરકાર સાથે પ્રાઈવેટ સેકટર પણ લોકભાગીદારોના કાર્યોમાં કઈ રીતે સામેલ થઈ શકે તેના પરિપ્રેક્ષ્યમાં મહાનગરપાલિકા અને ખાનગી સંસ્થાઓની ભાગીદારીનું મહત્વ સમજાવી વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપ્યુ હતું. ત્યારબાદ જી.એસ.ડી.એમ.એ. ડાયરેકટર શ્રી બી.આર.પટેલે તાજેતરના સમયમાં શહેરના વિકાસમાં આપત્તિ વ્યવ્થાપનમાં કાઉન્સીલરશ્રીની ભૂમિકા સમજાવી પુર, ધરતીકંપ, આગ, અકસ્માત વગેરેમાં શહેરની ભૌગોલિક પરિસ્થિતિને અનુરૂપ આપત્તિ પહેલા અને આપત્તિ સમયે લેવાજોગ પગલા અને નિર્ણયો જેવા મુદ્દાઓ ઉપર માર્ગદર્શન આપ્યુ હતું.

**Continue …**

પ્રશિક્ષણ કાર્યક્રમના ચતુર્થ સત્રમાં મા. મ્યુ.કમિશનરશ્રી એસ.અપર્ણા ધ્વારા સુરત શહેરના વિકાસમાં મહાનગરપાલિકાનાં સૌહાર્દપૂર્ણ વહિવટ માટે ચૂંટાયેલી પાંખ અને વહિવટી તંત્રની ફરજો અને જવાબદારીઓ અંગે વિસ્તૃત છણાંવટ કરી ઈસ્યુસ ઈન મ્યુનિસિપલ ગવર્નન્સ બાબતે સુરત મહાનગરપાલિકાના વહીવટી અધિકારી તથા ચૂંટાયેલ પ્રતિનિધિઓ બંનેની ભૂમિકા એક અર્બન મેનેજર તરીકેની છે. જેમાં તેઓએ શહેરી વસ્તીના પ્રમાણમાં ઘન કચરાનો નિકાલ, સીટી ટ્રાન્સપોર્ટ, ડ્રેનેજ અને પાણી વિગેરેની જરૂરીયાત સામે પુરતી નાણાંકીય વ્યવસ્થા કરી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવાનો મોટો પડકાર ઝીલી, અર્પોચ્યુનીટી ટુ મેઈક ડીસીઝનનો ઉત્તમ લાભ લઈ શહેરની સમસ્યાઓનો નિકાલ કરવો જોઈએ. વધુમાં શહેરની ભૌગોલિક સંપત્તિઓ જેવી કે,જમીન–પાણીનો ઉપયોગ ભવિષ્યની જરૂરીયાતો ધ્યાને લઈ કરવા અને શહેરના આયોજનમાં નાગરિક સુવિધાઓ પુરી પાડવામાં પર્યાવરણને નુકશાન ન થાય તેવી રીતે પ્લાનીંગ કરવાની તાતી જરૂરીયાત હોય ચૂંટાયેલી પાંખ અને વહિવટી તંત્ર સાથે મળીને લોકહિત તથા વ્યકિતહિત સંકળાયેલ હોય ત્યારે લીગલી, રેશનલી અને એથીકલી ડીસીઝન લેવા ઉપર ભાર મૂકયો હતો. અને દરેક કાર્યને **FRI** એટલે કે ફોકસ, રેવન્યુ અને ઈન્વોલ્વમેન્ટ આ ત્રણ પર્સપેકટીવ્ઝમાં કરવા ઉપર ભાર મૂકયો હતો.

ત્યારબાદ પ્રશિક્ષણ કાર્યક્રમના અંતિમ તબકકામાં યુ.એમ.સી. પ્રોજેકટ ઈન્ડિયા(પ્રા.) લિ.ના ચેરમેનશ્રી પી.યુ.અસનાનીએ જણાવ્યુ કે, હાલના ગ્રોથરેટ પ્રમાણે સને ૨૦૨૨માં ગુજરાતનું પ્રથમ નંબરનું શહેર સુરત હશે. જેથી શહેર વિકાસના ભાવિ આયોજનમાં પી.પી.પી. ના ઉપયોગ, નાણાંકીય સ્ત્રોત કેવી રીતે વધારી શકાય તે વિષે સમજાવ્યુ હતું.

સમાપન સમારોહ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં તેઓશ્રીએ પ્રશિક્ષણ કાર્યક્રમમાં વિવિધ તજજ્ઞો ધ્વારા જે માહિતીસભર માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવી તે બદલ આભાર માની તાલીમ સંસ્થાના ચેરમેનશ્રી પી.યુ.અસનાનીનુ પુષ્પગુચ્છ તથા મોમેન્ટો આપી સન્માન કર્યુ હતું. ત્યારબાદ મા.ડેપ્યુટી મેયરશ્રીમતી છાયાબેન ભુવાએ તજજ્ઞ શ્રી પ્રવિણભાઈ નાયકને, સ્થાયી સમિતિના મા.અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તજજ્ઞશ્રી ડી.બી.મકવાણાને, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહએ તજજ્ઞશ્રી બી.આર.પટેલને તથા માન.કમિશનરશ્રી એસ.અપર્ણાએ તાલીમી સંસ્થાના મેનેજીંગ ડિરેકટર કુ.અંશિતા અસનાનીને મોમેન્ટો આપી સન્માન કર્યુ હતું.

કાર્યક્રમના અંતમાં મા.ડે.મેયર શ્રીમતી છાયાબેન રશ્મીનભાઈ ભુવાએ પ્રશિક્ષણ કાર્યક્રમમાં ઉપસ્થિત મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ, સ્થાયી સમિતિના મા.અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, મા.કમિશનરશ્રી એસ. અપર્ણા, ડે. કમિશનર (પ.અને ઈ.) શ્રી સી. જે. ગામીત, ઉપસ્થિત સર્વ મ્યુ. સદસ્યશ્રીઓ, ફેકલ્ટીશ્રીઓ, યુ. એમ. સી. પ્રોજેકટ ઈન્ડીયા પ્રા.લિ.નો આભાર માની કાર્યક્રમને પૂર્ણ થયાની જાહેરાત કરી હતી.

આ પ્રશિક્ષણ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના તમામ પદાધિકારીશ્રીઓ તથા મ્યુ.સદસ્યશ્રીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**TOP**

## યુસીડી વિભાગ ધ્વારા અર્બન સ્લમ કમ્પેઈનનું આયોજન

રાજય સરકાર ધ્વારા ગરીબોના ઉત્થાન માટે અમલીકૃત વિવિધ યોજનાઓનો લાભાર્થી સુધી મહત્તમ લાભ પહોંચી શકે તે હેતુથી આગામી શહેરી ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન શહેરી ગરીબ પાત્ર લાભાર્થીઓને જે તે યોજનાઓનો લાભ મળી શકે તે માટે શહેરના સ્લમ વિસ્તારોમાં અર્બન સ્લમ કેમ્પેઈન ધ્વારા લાભાર્થીઓનો સંપર્ક કરી– લાભાર્થીઓને માર્ગદર્શન આપી, તેમના ફોર્મ ભરવામાં મદદરૂપ થવા એ હેતુથી સુરત મહાનગરપાલિકાના યુસીડી વિભાગ, આરોગ્ય વિભાગ, આઈ.સી.ડી.એસ., ફેમીલી પ્લાનીંગ, શિક્ષણ વિભાગ તથા સ્લમ અપગ્રેડેશન વિભાગ તેમજ સરકારશ્રીના વિવિધ ખાતા/વિભાગો ધ્વારા અમલીકૃત કલ્યાણકારી યોજનાઓનો વ્યાપક પ્રમાણમાં પ્રચાર–પ્રસાર કરી લાભાર્થીઓને માહિતગાર કરવા વોર્ડ દીઠ–આંગણવાડીઓના કલસ્ટર રચી અર્બન સ્લમ કમ્પેઈન અંતર્ગત તમામ ઝોન મળી કુલ–૨૫૫ મીટીંગોનું આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે વરાછા ઝોનમાં આજ રોજ સવારે ૧૦.૦૦ કલાકે યુસીડી સમુદાય કેન્દ્ર, ટાંકલી ફળીયા, વરાછા, સુરત ખાતે મોટી સંખ્યામાં લાભાર્થીઓની ઉપસ્થિતિ સાથે યોજાયેલ મીટીંગની શુભ શરૂઆતમાં અધ્યક્ષ સ્થાનેથી મા.ડે.મેયરશ્રીમતી છાયાબેન ભુવાએ મહાનગરપાલિકાના વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાના આ ભગીરથ કાર્યને બિરદાવતા તેઓશ્રીએ તમામ યોજનાઓની માહિતીસભર વકતવ્ય આપતાં તમામ જરૂરીયાતમંદ લોકોને આ તકનો લાભ લેવા જણાવ્યું હતું.

ઉપરોકત મીટીંગમાં વોર્ડના સદસ્યશ્રી કાંતિભાઈ ભંડેરી તથા પ્રવિણભાઈ ઘોઘારી હાજર રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ યુસીડી વિભાગના ઈ.ચા.ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી આર.સી.પટેલે યુસીડી વિભાગ અમલીકૃત યોજનાઓની જાણકારી આપી હતી. ફેમીલી પ્લાનીંગ વિભાગના શ્રીમતી કામીનીબેન દેસાઈએ તેઓની યોજનાની માહિતીથી લાભાર્થીઓને માહિતગાર કર્યા હતા. સમગ્ર મીટીંગનું સફળતાપૂવર્કનું આયોજન યુસીડી વિભાગના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરશ્રી આર.બી.પટેલ તેમજ આઈ.સી.ડી.એસ. વિભાગના આંગણવાડી કાર્યકર બહેનો ધ્વારા કરવામાં આવેલ હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર, સુરત ખાતે આગામી વેકેશનમાં મે–૨૦૧૧ દરમ્યાન પ્રથમ સમર કેમ્પનું આયોજન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર, સુરત ખાતે આગામી વેકેશનમાં મે–૨૦૧૧ દરમ્યાન પ્રથમ સમર કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ સમર કેમ્પમાં ૨(બે) વયગૃપનો સમાવેશ કરવામાં આવશે.

**૭ થી ૧૨ વર્ષના બાળકો માટે**

| અ.નં. | વિષય | દિવસ |
|---|---|---|
| ૧ | ડ્રોઈંગ<br>કલે મોડલીંગ<br>વેસ્ટમાંથી બેસ્ટ | ૬ દિવસ દરરોજ ૨ કલાક |
| ૨ | ફેન્સી એન્વેલેપ મેઈકીંગ,<br>પોટ ડેકોરેશન<br>જનરલ નોલેજ | ૬ દિવસ દરરોજ ૨ કલાક |

**૧૩ થી ૧૭ વર્ષના બાળકો માટે**

| | | |
|---|---|---|
| ૩ | ડ્રોઈંગ<br>ક્રાફટ<br>હોબી | ૬ દિવસ દરરોજ ૨ કલાક |
| ૪ | સાયન્સ અને એસ્ટ્રોનોમી<br>– નો યોર પ્લેનેટ્સ<br>– નો યોર ઝોડીયાક<br>– ફેસીસ ઓફ મુન<br>– સીઝન્સ<br>– નાઈટ સ્કાઈ ઓબ્ઝર્વેશન | ૬ દિવસ દરરોજ ૨ કલાક |
| ૫ | હોબી<br>કવીઝ<br>ફિલાટેલી | ૬ દિવસ દરરોજ ૨ કલાક |
| ૬ | મોડેલ રોકેટ | ૬ દિવસ દરરોજ ૨ કલાક |

આ સમર કેમ્પ તારીખ ૦૧.૦૫.૨૦૧૧ થી ૦૬.૦૫.૨૦૧૧ સુધી કાર્યરત રહેશે. આ સમર કેમ્પમાં વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે. સમર કેમ્પમાં જોડાવા ઈચ્છતા બાળકો તા.૦૧.૦૪.૨૦૧૧ થી તા.૨૫.૦૪.૨૦૧૧ સુધીમાં સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ દરમ્યાન સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ ખાતે પોતાના નામ નોંધાવી શકશે.

TOP